તાપમાન
મહત્તમ : ૪૭.૦ ડીગ્રી
લઘુતમ : ૩૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૧૫ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૬૮ ૧૯ મે, ૨૦૧૬, ગુરૂવાર ; વૈશાખ સુદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં ઐતિહાસિક ગરમી

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં આજે ગરમીએ અત્યારસુધીના તમામ રેકર્ડ તોડી નાંખ્યા હતા. ગરમીનો પારો ૪૭ ડી ગ્રીએ પહોંચી જતા નગરમાં ઐતિહાસિક ગરમી નોંધાઈ હતી. વિક્રમજનક ગરમીના લીધે નગરજનોએ આખો દિવસ ધગધગતી આગમાં શેકાવાનો વારો આવ્યો હતો. ગરમીનો પારો બે ડી ગ્રી

**આગ ઓકતી ગરમીમાં નગરજનો શેકાયા : ગરમીના પ્રકોપમાં ગુંગળાતુ નગરનુ જનજીવન બપોરના સમયે બજારોમાં દુકાનો પણ બંધ**

વધતા મહત્તમ તાપમાન પણ ૪૭ ડી ગ્રી નોંધાતા શહેર આક્રમક હીટવેવની ઝપટમાં આવી ગયુ છે. સુર્ય પ્રકોપથી બચવા માટે નગરજનો ઘરની બહાર નિકળતા નથી. બપોરના સમયે નગરના બજારો પણ બંધ રહે છે. આગ ઓકતી ગરમીના લીધે દિવસ દરમિયાન નગરના જનજીવનમાં પણ સન્નાટો જોવા મળી રહયો છે. ગરમીનુ જોર સતત યથાવત રહેતા શહેરીજનો તોબા પોકારી ગયા છે. જયારે હીટવેવથી બચવા માટે ઘરની બહાર ન




નિકળવા માટે પણ તબીબી સુત્રો જણાંવી રહયા છે.

આ વર્ષે ઉનાળાનો મિજાજ અત્યંત ઉગ્ર બનતા ગરમીએ તમામ રેકર્ડ તોડી નાંખ્યા છે. છેલ્લા એક અઠવાડીયાથી ગરમીનો પારો સતત વધતો રહેતા સમગ્ર શહેર હીટવેવથી પ્રભાવિત છે. જયારે આજે પણ ગરમીનો પારો બે ડીગ્રી વધતા મહત્તમ તાપમાન ૪૭ ડી ગ્રી એ પહોંચી

**હીટવેવના આક્રમણથી બચવા નગરજનોને ઘરની બહાર ન નિકળવા સલાહ : ગરમીનો મિજાજ ટોક ઓફ ધ ટાઉન : આજે ગરમીનો પારો ૨ ડિગ્રી વધતા વિક્રમજનક ગરમી**

ગયુ હતુ.ગઈકાલે ગરમીનો પારો ૪૫ ડી ગ્રીએ રહયો હતો. જયારે આજે અચાનક મહત્તમ તાપમાન બે ડી ગ્રી વધી જતા શહેરીજનો આક્રમક ગરમીથી પ્રભાવિત થયા હતા. ગાંધીનગર શહેરના પાંચ દાયકાના

● અનુસંધાન પાન-૭ પર

### ક્યા કેટલું તાપમાન

| | |
|---|---|
| કંડલા એરપોર્ટ | ૪૮.૪ |
| સુરેન્દ્રનગર | ૪૭.૮ |
| ઈડર | ૪૭.૬ |
| ગાંધીનગર | ૪૭.૦ |
| અમદાવાદ | ૪૬.૯ |
| ડિસા | ૪૬.૭ |
| અમરેલી | ૪૬.૬ |
| રાજકોટ | ૪૫.૭ |
| ભુજ | ૪૫.૬ |
| વીવીનગર | ૪૪.૮ |
| વડોદરા | ૪૪.૬ |

# રાજયભરમાં ગરમીનું રૌદ્ર સ્વરૂપ

**પારો ૪૮થી પણ ઉપર પહોંચતા તંત્ર પણ ચિંતાતુર બન્યું : ૪ મોતથી હાહાકાર : અમદાવાદમાં આગઝરતી ગરમી વચ્ચે પારો ૪૬.૯ થયો, ગાંધીનગર, ઇડર, સુરેન્દ્રનગરમાં ૪૭થી પણ વધારે તાપમાન : જનજીવન પણ સંપૂર્ણ ખોરવાયું**

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ સહિત રાજ્યભરમાં ભીષણ ગરમીથી લોકો હવે મુશ્કેલી અનુભવી રહ્યા છે. ગરમીના કારણે હિટસ્ટ્રોકના કેસોમાં પણ ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. બીજી બાજુ રાજ્યમાં ગરમીના કારણે આજે ચાર લોકોના મોત થઈ ગયા હતા જે પૈકી રાજકોટમાં બે, અમદાવાદમાં એક અને બનાસકાંઠામાં એકનો સમાવેશ થાય છે. બીજી બાજુ પારો ૪૮થી પણ ઉપર પહોંચ્યો હોવાના અહેવાલ મળ્યા છે. કંડલા એરપોર્ટ ઉપર પારો ૪૮.૪ સુધી પહોંચી ગયો હતો. ભીષણ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આજે રાજ્યમાં અનેક વિસ્તારોમાં પારો ૪૭થી પણ ઉપર પહોંચ્યો હતો. જે પૈકી ગાંધીનગરમાં ૪૭, ઇડરમાં ૪૭.૬,

● અનુસંધાન પાન-૭ પર

# પૃથ્વી-૨ મિસાઈલનું સફળ પરિક્ષણ

**મિસાઈલ ૩૫૦ કિલોમીટર ત્રાટકવામાં સક્ષમ : ઓરિસ્સાના ચાંદીપુર ખાતે ટેસ્ટરેંજથી પરીક્ષણ કરવામાં આવ્યું : સ્વદેશી વિકસિત મિસાઇલમાં નવી ટેકનોલોજી**



નવીદિલ્હી, તા. ૧૮

ભારતે આજે સ્વદેશીરીતે વિકસિત પરમાણુ સક્ષમ પૃથ્વી-૨ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરવામાં સક્ષમ આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં સંરક્ષણ નિષ્ણાતો અને વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. સ્વદેશીરીતે વિકસિત કરવામાં આવેલી આ મિસાઈલ ૨૫૦-૩૫૦ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. બેલાસોર નજીક ચંદીપુર ખાતે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેંજ (આઈટીઆર)ના લોંચ કોમ્પ્લેક્ષ-૩થી મોબાઈલ લોન્ચર મારફતે આ મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું હતું. સ્ટેટેજીક ફોર્સ કમાન્ડ દ્વારા મિસાઈલનો ટ્રાયલ ડેટા કરવામાં આવ્યા બાદ તેના પરિણામ હકારાત્મક રહ્યા છે. સંરક્ષણ સુત્રોએ કહ્યું છે કે, આ અતિઆધુનિક મિસાઈલ ૫૦૦ કિલોગ્રામથી ૧૦૦૦ કિલોગ્રામ વોરહેડને લઈને ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. આજે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેંજના લોંચ કોમ્પ્લેક્ષ-૩થી મોબાઈલ લોંચર મારફતે તેનું પરીક્ષણ કરાયું હતું. મિસાઈલ ટેકનોલોજી ખુબ જ અતિઆધુનિક છે. આમા ઈલેક્ટ્રો ઓપ્ટિકલ પેકિંગ સિસ્ટમની વ્યવસ્થા છે. પૃથ્વી-૨ મિસાઈલ ૨૦૦૩માં એસએફસીમાં સામેલ કરવામાં આવી હતી. ભારતના પ્રતિષ્ઠાજનક ઈન્ટેગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ડીઆરડીઓ દ્વારા વિકસિત કરવામાં આવેલી આ પ્રથમ મિસાઈલ છે. તેની ટેકનોલોજી હવે અસરકારક પુરવાર થઈ છે. આજના લોંચ કાર્યક્રમને લઈને જણાવવામાં આવ્યું છે કે, એસએફસીમાં નિયમિત ટ્રેનિંગ કાર્યક્રમ તરીકે આને ગણવામાં આવે છે. પૃથ્વી-૨ મિસાઈલનું છેલ્લે ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૬ના દિવસે પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

# ગોધરા કાંડના કાવતરાખોર ફારૂક ભાણા ઝડપાયો

**છેલ્લા ૧૪ વર્ષથી ફારૂક ભાણા ફરાર થયેલો હતો : બાતમીના આધાર પર ફારૂક ભાણાને કાલોલ-ખડકી ટોલનાકા ગોધરા ખાતેથી પકડી પાડવામાં આવ્યો : ચોંકાવનારી વિગતો ખુલે તેવી પ્રબળ સંભાવનાઓ**

અમદાવાદ, તા. ૧૮

વર્ષ ૨૦૦૨ના ગોધરા ટ્રેન અગ્નિકાંડ કેસના આરોપી અને મુખ્ય કાવતરાખોર ફારુક ભાણાને પકડી પાડવામાં ગુજરાત એટીએસને મોટી સફળતા હાથ લાગી છે. છેલ્લા ૧૪ વર્ષથી ફરાર રહેલો આ શખ્સ ઝડપાઈ જતાં કેટલીક નવી વિગતો પણ સપાટી ઉપર આવી શકે છે. સાબરમતી એક્સપ્રેસ ટ્રેન અગ્નિકાંડમાં ૫૯ લોકો બળીને ભડથું થઈ ગયા હતા. એટીએસના અધિકારીઓનું કહેવું છે કે, ફારુક ભાણા કાવતરાખોરો પૈકીનો એક છે. બાતમીના આધાર પર તેની પંચમહાલ જિલ્લાના કાલોલ નજીક ટોલ પ્લાઝા પાસે ધરપકડ કરવામાં આવી હતી. તે મુંબઈથી ગોધરા તરફ જઈ રહ્યો હતો ત્યારે તેને પકડી પાડવામાં આવ્યો હતો. એટીએસના અધિકારીઓનું કહેવું છે કે, ફારુક ભાણા ઉપર એસ-૬ કોચને આગ ચાંપી દેવાનો કાવતરાનો આક્ષેપ મુકવામાં આવ્યો હતો. ગોધરા રેલવે સ્ટેશન નજીક અમન ગેસ્ટ હાઉસમાં અન્ય આરોપીઓ સાથે મળીને આ કાવતરુ ઘડવામાં આવ્યું હતું. આ ગુનામાં કુલ ૯૪ આરોપીઓની અલગ અલગ સમયે ધરપકડ કરવામાં આવી હતી તથા તેમના ઉપર નામદાર કોર્ટ દ્વારા તહોમત મુકવામાં આવ્યા હતા. ત્યારબાદ આ ગુનાની સ્પેશિયલ કોર્ટ દ્વારા તપાસ કરવામાં આવી હતી. કુલ ૩૧ આરોપીઓને દોષિત ઠેરવીને ૧૧ને ફાંસીની સજા કરવામાં આવી હતી જ્યારે અન્ય ૨૦ અપરાધીઓને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી. ગોધરા કાંડ વખતે ફારુક ભાણા ગોધરાના કોર્પોરેટર તરીકે હતો. ધરપકડને ટાળવા માટે તે મુંબઈ જતો રહ્યો હતો અને ત્યાં પ્રોપર્ટી બ્રોકર તરીકે સક્રિય થઈ ગયો હતો. મુખ્ય ષડયંત્રકારીઓમાં તેની એક ભૂમિકા હતી. અમન ગેસ્ટ હાઉસમાં બનાવથી પહેલા તેઓ પહોંચ્યા હતા અને મિટિંગ યોજાઈ હતી. આ ગુનાના અન્ય આરોપીઓ હાઝી બીલાલ, અબ્દુલ રઝાક, સલીમ પાનવાલા બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. મૌલવી હુસૈન ઉંમરજાનીની



ચોક્કસ સુચનાના આધારે ફારુક ભાણા અને અન્ય સહ આરોપીઓ સિગ્નલ ફળ્યું કે જે અમન ગેસ્ટ હાઉસ નજીક છે ત્યાં આવી પોહંચ્યા હતા. રેલવે સ્ટેશનની નજીકથી જંગી પેટ્રોલની ખરીદી કરવામાં આવી હતી. મિટિંગમાં નક્કી કરવામાં આવેલા કાવતરા મુજબ સમગ્ર વ્યૂહરચના ઘડવામાં આવી હતી.

# કેન્દ્રીય કેબિનેટમાં ટૂંકમાં જ ધરખમ ફેરફારના ભણકારા

**પ્રકાશ જાવડેકર, ગિરીરાજસિંહને પણ પડતા મુકાશે : પ્રધાનોની કામગીરી અસરકારક અને સંતોષજનક ન રહેતા ડ્રોપ થશે**

નવી દિલ્હી,તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે કેબિનેટમાં ટુંકમાં જ મોટા ફેરફાર કરવા જઈ રહ્યા છે. જેના ભાગરુપે આરોગ્યમંત્રી જેપી નડ્ડા, પર્યાવરણ પ્રધાન પ્રકાશ જાવડેકર, માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝ રાજ્યમંત્રી ગીરીરાજસિંહને મોદી કેબિનેટમાંથી પડતા મુકવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ તમામને પડતા મુકવાનો તખ્તો તૈયાર થઈ ચુક્યો છે. એક અગ્રણી અખબારમાં આ અંગેનો દાવો આજે કરવામાં આવ્યો હતો. આમા જણાવવામાં આવ્યું છે કે, આસામમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામની અસર પણ કેબિનેટમાં ફેરફાર ઉપર રહેશે. આસામ વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, કેરળ,

પુડુચેરીની સાથે જાહેર કરવામાં આવનાર છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, નડ્ડા, જાવડેકરને ફરીથી પાર્ટીની કામગીરીમાં મોકલી દેવામાં આવનાર છે. જો આસામમાં ભાજપ જીતશે તો રમતગમત મંત્રી સર્બાનંદ સોનોવાલને આસામના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવશે. કેન્દ્રીય કેબિનેટમાં તેમની જગ્યા પણ ખાલી થશે. મોદી સરકાર આગામી સપ્તાહમાં સત્તામાં બે વર્ષ પૂર્ણ કરી રહી છે. તેના વચનોને પૂર્ણ કરવા માટે સરકાર ઉપર દબાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે ત્યારે મોદી સરકાર વધુ અપેક્ષાઓ પૂર્ણ કરવાની દિશામાં આગળ વધી શકે છે.

સૂત્રોને ટાંકીને અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પીએમઓ આરોગ્યમંત્રી તરીકે નડ્ડાની કામગીરીથી ખુશ નથી જ્યારે પ્રકાશ જાવડેકર પર્યાવરણ પ્રધાનના સંવેદનશીલ ખાતા માટે વધારે પડતા સોફ્ટ પુરવાર થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં આ ખાતાઓની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે નવાને જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. પ્રકાશ જાવડેકર, જેપી નડ્ડા અથવા ગિરીરાજસિંહ તરફથી હજુ સુધી કોઈપણ પ્રતિક્રિયા મળી શકી નથી.

# આજે પાંચ રાજ્યોમાં મતગણતરી

**આસામ, પશ્ચિમ બંગાળ, કેરળ, પુડુચેરી અને તમિળનાડુમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામોને લઇને ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ પક્ષોની નજર**

નવી દિલ્હી,તા. ૧૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે ગુરૂવારના દિવસે જાહેર કરવામાં આવનાર છે. ક્યા રાજ્યમાં કોની સરકાર બનશે અને કોની સરકાર જશે તે અંગેનો ફેંસલો આવતીકાલે થઈ જશે. છેલ્લા કેટલાક મહિનાથી જોરદાર રાજકીય ગરમી જોવા મળી રહી હતી. તમિળનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાંઆવનાર છે. આવતીકાલે બપોર સુધી તમામ જગ્યાએ કોની સરકાર બનશે તે બાબત સ્પષ્ટ થઈ જશે. એગ્જિટ પોલના પરિણામ કેટલાક યોગ્ય સાબિત થાય છે તે બાબત પણ જાહેર થઈ જશે. આ વખતે તમામ પાંચેય રાજ્યોમાં ઉંચુ મતદાન થયુ છે જેના કારણે રાજકીય પક્ષોમાં ભારે ઉત્સુકતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા પુરી થયા બાદ એક્ઝિટ પોલના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા જેમાં મોટાભાગના એક્ઝિટ પોલમાં

● અનુસંધાન પાન-૭ પર

બેસણું



અમારા સુપુત્ર ચિ. રાજદિપસિંહ કરણસિંહ વાઘેલા તા. ૧૬-૦૫-૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સર્વગસ્તનુ બેસણું તા. ૨૦-૦૫-૨૦૧૬ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ થી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્રાથમિક શાળાની બાજુમાં, ગામઃ વાસન, તા.જી. ગાંધીનગર

લિ.
એમ પી.વાઘેલા
(રીટાયર્ડ ડી.વાય.એસ.પી / સરપંચશ્રી વાસન
કરણસિંહ એમ.વાઘેલા
જયેન્દ્રસિંહ એમ.વાઘેલા
વિરેન્દ્રસિંહ એમ.વાઘેલા (અજીતસિંહ)
પૂર્વ ઉપપ્રમુખ જિલ્લા પંચાયત ગાંધીનગર

VAN VET Pvt.Ltd.
Shalin complex, 1st floor, Plot No.303, Sector 22, Gandhinagar-382022 (Gujarat) India.

**Required Accounts & Finance Officer**

Who can apply: Enthusiastic Graduates/Post Graduates in Commerce or Management with Minimum 2 years of work experience in Accounting, Finance & Auditing including ability to Communicate & Coordinate with HR & Marketing departments.

**CTC: 1.5 – 2.0 lacs p.a.**

Eligible and interested candidates should send their complete resume to **vanvethr@gmail.com** on or before 26/5/16.